**રે.દિ.મુ.નં. ૬૦/૨૦૨૩**

## –:: આંક–૫ ની અરજી લગત હુકમ ::–

(૧) વાદીની આંક–૫ ની મનાઈ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબની છે:–

વાદીઓ અને પ્રતિવાદીઓ બંને કાળાભાઈ દેવાભાઈના કાયદેસરના વારસદારો છે અને તેમનું અવસાન તા: ૨૫/૧૦/૧૯૯૭ નારોજ અવસાન થતા તેમની સીધી લીટીના વારસદાર તરીકે સંતાનોમાં (૧) ભીલ માવીબેન કાળાભાઈ (મૈયત પત્નિ) (૨) ભીલ ધરમાબેન કાળાભાઈ (પુત્રી), (૩) ભીલ વાઘાભાઈ કાળાભાઈ જે તા: ૧૨/૦૪/૧૯૯૭ નારોજ ગુજરી ગયેલા અને તેમના વારસદાર તરીકે ભીલ સેજુબેન વાઘાભાઈ (પત્નિ) અને ગંગારામભાઈ વાઘાભાઈ, રમેશભાઈ વાઘાભાઈ (૪) ભીલ મોઘીબેન કાળાભાઈ (પુત્રી) (૫) ભીલ સીતાબેન કાળાભાઈ (પુત્રી) (૬) ભીલ કંકુબેન કાળાભાઈ (પુત્ર),(૭) ભીલ શંકરભાઈ કાળાભાઈ જેમનું અવસાન તા: ૧૫/૦૭/૧૯૯૫ નારોજ થયેલું અને તેમના સીધીલીટીના વારસદારોમાં સીતાબેન શંકરભાઈ (પત્નિ) અને સુરેશભાઈ શંકરભાઈ અને ઈસાભાઈ શંકરભાઈ કાળાભાઈ અને નરેશભાઈ શંકરભાઈ કાળાભાઈ અને મફાભાઈ ઉર્ફે મહેશભાઈ શંકરભાઈ કાળાભાઈ (૮) ભીલ પુનમાભાઈ કાળાભાઈ જેમનું અવસાન થયેલું હોય જેની સીધી લીટીના વારસદાર તરીકે ભીલ શારદાબેન પુનમાજી(પત્નિ) અને ખાભાઈ પુનમાભાઈ અને ભમરાભાઈ પુનમાભાઈ અને સંજયભાઈ પુનમાભાઈ હતા.

દાવાવાળી જમીન જુનો સર્વે નં–૧૮૪ પૈકી ૨(નવો સર્વે નં–૮૦) ની કુલ ક્ષેત્રફળ (હે.આર.ચો.મી) ૧–૫૮–૮૪ છે. જે વડગામડાના માર્ગવાળુ ખેતર તરીકે ઓળખાય છે. દાવાવાળી જમીનનો વાદીઓના મર્હુમ પિતાશ્રીને રેવન્યુ રેકર્ડ ગામ ન.નં. ૬ હકક પત્રકે નોંધ નં. ૧૭૬૮ તા: ૨૫/૦૩/૧૯૯૮ નારોજ વાદીઓની વારસાઈ થયેલી છે. વાદીઓ અને પ્રતિવાદીઓની બાપ–દાદા યાને કે વડીલોપાર્જિત મજિયારી ખેતીની જમીન આવેલી છે. સદરહું દાવાવાળી જમીનનો વાદીઓના મર્હુમ પિતાશ્રી માલીકી કબજો, ભોગવટો આવેલો છે. જમીનમાં વાદીઓ ખેતીકામ કરતા આવતા હતા અને પ્રત્યક્ષ, કબજો, ભોગવટો ધરાવતા હતા.

દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડે હકકપત્રક નોંધ નં. ૪૯૪૯ તા: ૧૫/૧૨/૨૦૨૨ નારોજ ભીલ ગંગારામભાઈ વાઘાભાઈ અને હંસાબેન પુનમાભાઈ અને કીકીબેન પુનમાબેન અને રાજેશભાઈ પુનમાભાઈ અને કાનજીભાઈ પુનમાભાઈના લોકોએ સદરહું દાવાવાળી જમીનમાંથી હકક સેજુબેન વાઘાભાઈની તરફેણમાં ઉઠાવી લેવામાં આવેલો

ત્યારબાદ રેવન્યુ રેકર્ડ હકક પત્રક નોંધ નં. ૫૧૩૭ તા: ૩૦/૦૫/૨૦૨૩ નારોજ ભીલ નરેશભાઈ શંકરભાઈ અને ઈશ્વરભાઈ શંકરભાઈ મુકેશભાઈએ ભીલ સહુબેન વાઘાભાઈના તરફેણમાં હકક ઉઠાવી લેવામાં આવેલો છે.

વાદીઓએ કોઈની તરફેણમાં હકક જતો કરેલ નથી. તેમ છતાં આ કામના પ્રતિવાદીઓ અને મળતીયા રેવન્યુ અધિકારીઓએ તેવા ખોટા અને બનાવટી જવાબોને આધારે ત: ૧૬/૦૫/૨૦૦૩ નારોજ તૈયાર કરી અગાઉ અન્ય પ્રોસેડીંગ સમયે મેળવેલ હોય તેવા અંગઠાના નિશાન લગાડી ખોટા અને બનાવટી જવાબો તૈયાર કરેલ અને આ કામના પ્રતિવાદીએ ખોટી સહીઓ મેળવી અને ખોટા જવાબો બનાવેલો અને તે જવાબોને આધારે હકક કમીની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં. ૨૦૩૯ તા: ૧૬/૦૫/૨૦૦૩ નારોજ પડાવેલ.

વાદીઓને કબજામાંથી દુર કરવાનો પ્રયત્નો તા: ૧૨/૦૪/૨૦૨૩ માં પ્રથમ વખત વાદીઓને જાણ થઈ કે સદરહું દાવાવાળી જમીનમાંથી વાદીઓનો હકક ખોટા ગેરકાયદેસર અને બનાવટી જવાબોને આધારે કમી કરવામાં આવેલો છે. ત્યારબાદ કાનુની સલાહ સુચન મેળવીને વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે સદરહું દાવાવાળી જમીન સંબંધી રજુ કરવામાં આવેલા જવાબો ખોટા, ગે.કા. અને બીન અમલી છે અને આમ ના છુટકે વાદીઓને હકક જતો કરવાનો જવાબો ખોટો ગે.કા. છેતરપીંડીથી કરાવી લેવામાં આવેલ છે અને તે રદ બાતલ છે વાદીઓને બંધન કરતા નથી તેવું ઠરાવવા માટે તેમજ સદરહું જગ્યા વાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ વેચાણ કરવાની પેરવી કરી રહેલા હોય આથી વાદીઓના હિસ્સાની જમીનનો સ્વતંત્ર કબજો મેળવવા માટે દાવો લાવવા માટેની ફરજ પડી છે.

વધુમાં વાદીઓનું કથન એવું છે કે, પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત વેચવાનો પ્રયત્ન કરી રહેલા છે. દાવાવાળી જમીનમાં વાદીઓને ખોટી રીતે, ગે.કા., બનાવટી, છેતરપીંડીથી જાણ સંમતી વગર, અભણ અને અજ્ઞાન હોય આ કામના પ્રતિવાદીઓએ લાભ લઈ અને વડીલપાર્જિત મિલકતમાંથી, અવિભાજીત મિલકતમાંથી હકકો ઉઠાવી લેવાનું ગુનાહીત કૃત્ય કરેલું છે અને ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ હેઠળ નોટીસ આપવા સહીતની જરૂરી પ્રક્રિયાઓ એકતરફી કરી વાદીની જાણ સહમતી વિના હકક ઉઠાવી લેવામાં આવેલો છે. જે કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ છે. અગણીત નુકશાન પહોંચાડેલું છે. હકક હિસ્સો અધિકાર

ઉપર ગંભીર ત્રાપ મારેલી છે. વાદી વડીલપાર્જીત અને મજિયારી મિલકતમાં કાયદેસરની વારસાઈ હકક હિસ્સો ૧/૪ અને ૧/૫ અને ૧/૬ પોષાય છે.

વાદીઓના ના.કોર્ટમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાવાળી જમીનમાં તેમના હિસ્સા સ્થાપિત કરી આપવા અંગે જાહેરાતનો, વહેંચણીનો તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ છે. દાવાના કામે હંગામી મનાઈ હુકમ મેળવવાની અરજી આપેલી સદરહું દાવામાં હકીકતો જોતા વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે. માંગ્યાં મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો સદરહું દાવાનો કોઈ અર્થ શરે તેમ નથી અને જેને કારણે નાણામાં ભરપાઈ ના થાય તેવા પ્રકારનું નુકશાન થવાનું સંભવ છે. જયારે હંગામી મનાઈ હુકમ આપવામાં આવે તો સામાપક્ષે કોઈ જ નુકશાન થાય તેમ નથી તેમજ અગવડ, સગવડનો સિધ્ધાંત એટલે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભ છે અને હંગામી મનાઈ હુકમના આપવાથી બીજી ઘણી લાંબી કાનુંની પ્રક્રિયામાં ઉતરવું પડે તેમ છે.

વધુમાં દાદ ગુજારેલ છે કે આ કામના પ્રતિવાદી પોતે જાતે કે તેમના બીજા કોઈ મળતીયા માણસો દાવાવાળી જમીનમાં મજિયારી માલીકીની કબજા, ભોગવટાની અને વાદીઓનો હકક હીસ્સો સ્થાપીત કરવા, વહેંચાયેલી ખેતીની જમીનની By metes and bounds વહેંચણી થાય નહી તે દરમ્યાન તેમની સહમતી સિવાય મજકુર પ્રતિવાદી અંદરો અંદર કે અનય કોઈને તબદીલ કરે કરાવે નહી અને દાવાવાળી જમીનનું વેચાણ, બક્ષીસ, ગીરો, આડગીરો આપે અપાવે નહી અગર તો બેંકના તારણમાં મુકે મુકાવે નહી તે રીતે સંયુકત રીતે કામ કરી ઉપજ લેતા કે લેવરાવતા કે સંયુકત પ્રત્યક્ષ, કબજો, ભોગવટો લે લેવરાવે નહી કે રૂકાવટ અડચણ, હરકત, હેલો કરે કરાવે નહી તેવો વાદીઓના લાભમાં અને પ્રતિવાદીના વિરૂધ્ધમાં હંગામી મનાઈ હુકમ આપવા અરજ ગુજારેલ છે તથા બીજી અન્ય પોષાય તેવી યોગ્ય દાદ આપવા તથા અરજીનું ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી સબંધે પ્રતિવાદીઓને નોટીશ કરતા જે બજી જતા તેઓ તમામ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા છે પરંતુ તેઓને પુરતી તકો આપવા છતા સમયમર્યાદામાં તેઓ તરફે દાવા અને મનાઈઅરજીનો લેખિત જવાબ રજુ થયેલ ન હોય તેઓનો જવાબનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

| | |
|---|---|
| નિ.૪/૧ | વાદીઓના આધારકાર્ડની ઝેરોક્ષ |
| નિ.૪/૨ | દાવાવાળી જગ્યાના ૭/૧૨ અને ૮.અ. ના ઉતારાની નકલ |
| નિ.૪/૩ | દાવાવાળી જગ્યાના ગામ નમુના નં–૬ હકપત્રકે ની નોંધ નં–૧૭૬૮ ની નકલ |
| નિ.૪/૪ | દાવાવાળી જગ્યાના ગામ નમુના નં–૬ હકપત્રકે ની નોંધ નં–૨૦૩૯ ની નકલ |
| નિ.૪/૫ | દાવાવાળી જગ્યાના ગામ નમુના નં–૬ હકપત્રકે ની નોંધ નં–૪૧૭૬ ની નકલ |
| નિ.૪/૬ | દાવાવાળી જગ્યાના ગામ નમુના નં–૬ હકપત્રકે ની નોંધ નં–૪૯૪૯ ની નકલ |
| નિ.૪/૭ | દાવાવાળી જગ્યાના ગામ નમુના નં–૬ હકપત્રકે ની નોંધ નં–૫૧૩૭ ની નકલ |
| નિ.૪/૮ | પ્રતિવાદીઓને આપવામાં આવેલ નોટીસની ઝેરોક્ષ નકલ |
| નિ.૪/૯ | વાદીઓએ પ્રતિવાદીઓ સામે થરાદ પોલીસ સ્ટે.માં આપેલ ફરીયાદની નકલ |
| નિ.૪/૧૦ | વાદીઓના હક ઉઠાવવા અંગેના જવાબો અને ૧૩૫(ડી) ની નોટીસની નકલો |

(૪) ત્યારબાદ સદર કામે બંનેપક્ષેના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતાં આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવાના રહેશે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દઓના નિર્ણય નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે :–

**–:: કા ર ણો ::–**

**(૭.૧) મુદ્દા નં. ૧ થી ૩ : –**

ઉપરોકત મુદ્દા અરસપરસ સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા દરેક મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવી રહેલ છે.

(૮) હાલ બંને પક્ષોની વચગાળાની મનાઈ અરજીના સંદર્ભમાં નિર્ણય કરવાનો છે તે સમયે અદાલતે પ્રથમ દર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે છે. જો કે, કાયદાની વિકસીત થયેલ પરિસ્થિતિ છે કે, આ તબકકે આપણે જાણે મીની ટ્રાયલ ચલાવતા હોય તે રીતે પક્ષકારોની તકરારોનું નિરાકરણ કરવાનું હોય નહી. જે પક્ષકાર એવી હકીકત દર્શાવી શકે કે ચલાવી શકાય તેવા અને હકીકતોના મહત્વના સવાલો રહેલા છે અને તેમનો દાવો કોઈ દેખીતી ખામીના કારણે રદ થવાને પાત્ર નથી તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

સમગ્ર રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે ડેકેલ ેરેશન, વહેંચણી તેમજ કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે.

આ કામે વાદીઓનો કેસ એવો છે કે, દાવાવાળી જમીન તેઓના પિતા નામે કાળાભાઈ દેવાભાઈ ભીલના નામે આવેલ હતી અને તેઓના તા.૨૫/૧૦/૧૯૯૭ ના રોજ અવસાન બાદ તેઓ વાદીઓ તેમના કાયદેસરના વારસદારો છે. આ અંગે જોવામાં આવે તો, આ કામે વાદીઓએ વહેંચણીનો દાવો દાખલ કરેલ હોવા છતા વાદીઓએ મરહુમ કાળાભાઈ દેવાભાઈના મરણના પ્રમાણપત્રની નકલ દાવાઅરજી સાથે રજુ રાખેલ નથી કે વાદીઓ મરહુમ કાળાભાઈ દેવાભાઈના વારસદારો થતા હોય તે બાબતેનુ કોઈ સક્ષમ ઓથોરીટીનુ પેઢીનામુ પણ રજુ રાખેલ નથી. તેમજ આ કામના વાદીઓએ વહેંચણીનો દાવો કરેલ હોવા છતા પ્રતિવાદીઓ તેઓ વાદીઓના સંબંધે શું થાય છે તેવુ દાવાઅરજીમાં કયાંય જણાવેલ નથી.

વધુમાં વાદીઓ જણાવે છે કે દાવાવાળી જમીનનો વાદીઓના મર્હુમ પિતાશ્રીને રેવન્યુ રેકર્ડ ગામ ન.નં. ૬ હકક પત્રકે નોંધ નં. ૧૭૬૮ તા: ૨૫/૦૩/૧૯૯૮ નારોજ વાદીઓની વારસાઈ થયેલી છે. જે આ કામે નિ.૪/૩ થી રજુ થયેલ ગામ નમુના નં–૬ હકપત્રકની નકલ

ધ્યાને લેતા જણાઈ આવે છે. વાદીઓનુ વધુમાં કથન છે કે, વાદીઓએ કોઈની તરફેણમાં હકક જતો કરેલ નથી. તેમ છતાં આ કામના પ્રતિવાદીઓ અને મળતીયા રેવન્યુ અધિકારીઓએ તેવા ખોટા અને બનાવટી જવાબોને આધારે તા: ૧૬/૦૫/૨૦૦૩ નારોજ તૈયાર કરી અગાઉ અન્ય પ્ર ોસેડીંગ સમયે મેળવેલ હોય તેવા અંગુઠાના નિશાન લગાડી ખોટા અને બનાવટી જવાબો તૈયાર કરેલ અને આ કામના પ્રતિવાદીએ ખોટી સહીઓ મેળવી અને ખોટા જવાબો બનાવેલો અને તે જવાબોને આધારે હકક કમીની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં. ૨૦૩૯ તા: ૧૬/૦૫/૨૦૦૩ નારોજ પડાવેલ હોવાનુ જણાવે છે. પરંતુ આ અંગે વાદીઓએ સદરહુ રેવન્યુ રેકર્ડની નોંધ નં-૨૦૩૯ કે જે ૨૦૦૩ ની સાલમાં પાડવામાં આવેલ છે તે નોંધને રેવન્યુ રાહે આજદિન સુધી ચેલેન્જ કરેલ નથી. અને શા માટે ચેલેન્જ કરવામાં આવેલ નથી તે અંગે વાદીઓ તેમની સમગ્ર દાવાઅરજીમાં મૌન રહેલા છે. આમ રેવન્યુ રાહે મળી રેમેડી એકઝોસ કર્યા વિના વાદીઓએ સદરહુ હકકમીની નોંધ કે જે ૨૦ વર્ષ અગાઉ પાડવામાં આવેલ છે તે નોંધના કામે રજુ રાખેલા જવાબો ખોટા હોવાની વિગતો જણાવી પોતાનો ૧/૪, ૧/૫ અને ૧/૬ હીસ્સો જાહેર કરવાનો અને વહેંચણીનો દાવો લાવેલ છે.

વધુમાં વાદીઓ, પ્રતિવાદીઓએ ખોટા જવાબો અને અંગુઠા કરી હકકમીના જવાબો બનાવી રજુ કરેલ હોવા અંગેના આક્ષેપો વાળી ફરીયાદ થરાદ પો.સ્ટે.ના પી.આઈ.શ્રી તથા ડી.વાય.એસ.પી., ડી.એસ.પી.શ્રી વિગેરેનાઓને ઉદ્દેશીને લખેલ જે આ કામે નિ.૪/૯ થી રજુ છે પરંતુ સદરહુ ફરીયાદ માત્ર પી.આઈ.શ્રી, થરાદનાઓને જ રજી.એ.ડી.થી મોકલેલ હોવાનુ જણાય આવે છે અને આ ફરીયાદના કામે પોલીસ ધ્વારા શું કાર્યવાહી/તપાસ થયેલ અને તે ફરીયાદનુ હાલના શું સ્ટેટસ છે તેવી કોઈ હકીકત વાદીઓ તરફે તેઓની મૌખિક દલીલમાં પણ જણાવવામાં આવેલ નથી. અને આમ માત્ર, પ્રતિવાદીઓએ ખોટા જવાબો અને અંગુઠા કરી હકકમીના જવાબો બનાવી રજુ કરેલ હોવા અંગેના આક્ષેપો વાળી ફરીયાદ થરાદ પો.સ્ટે.ના પી.આઈ.શ્રી ને રજી.એ.ડી.થી મોકલી દેવા માત્રથી વાદીઓની દાવાઅરજીમાની હકીકતોને પ્રથમદર્શનીય સમર્થન મળતુ નથી.

(૯) વધુમાં વાદીઓ જણાવે છે ત્યારથી એટલેકે તેઓના પિતાશ્રી મરણ ગયા ત્યારથી દાવાવાળી જમીન ઉપર તેઓ વાદીઓનો સતત અને પ્રત્યક્ષ કબજો હોઈ તે દર્શાવતો

કોઈ પુરાવો વાદી તરીકે રજુ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત દાવાવાળી જમીન અંગે આજદિન સુધી કોઈ મહેસુલ ભરવામાં આવેલ હોય તેની કોઈ પહોંચો પણ રજુ રાખવામાં આવેલ નથી. વાદીઓએ ઘ્વારા પોતે દાવાવાળી જમીનમાં કોઈ પાક વાવવામાં આવેલ છે તે અંગે પણ મૌન રહેલ છે. વધુમાં વાદીઓ દાવાઅરજીમાં દાવાવાળી જમીનની ચુતરસિમામાં જણાવે છે તે આજુબાજુના ખેતરોના માલિક/કામદારોના સોગંદનામા પણ આ તબકકે રજુ રાખેલા નથી. વાદી તરફથી આ કામે દાવાવાળી જગ્યાનુ પંચનામુ અને નકશો કરાવવા કોર્ટ કમિશ્નરશ્રીની પણ નિમણુક કરવામાં આવેલ નથી.

(૧૦) વધુમાં આ કામે વાદીઓ તરફે તેઓના વિ.વકીલશ્રીની દલીલ છે કે, આ કામે પ્રતિવાદીઓના વિ.વકીલશ્રીએ આ કામે આંક–૧૩ થી પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે કે દાવાના આખરી નિકાલ સુધી તેઓ પ્રતિવાદીઓ યથાવત પરીસ્થિતિ જાળવી રાખીશુ. આમ પ્રતિવાદીઓ તરફે પુરસીસ રજુ થયેલ હોય જેથી પણ આ કામે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવા રજુઆત કરેલ છે. પરંતુ તેઓની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી કેમ કે આ કામે પ્રતિવાદીઓ તરફે દાવાઅરજી અને મનાઈઅરજીનો કોઈ લેખિત જવાબ રજુ થયેલ નથી. અને તેઓનો જવાબનો હક પણ બંધ કરવામાં આવેલ છે. અને ત્યારબાદ પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી ઘ્વારા પ્રતિવાદીઓની સહી વિના પોતે પોતાની સહીથી યથાવત પરીસ્થિતિ જાળવી રાખીશુ તેવુ જાહેર કરતી પુરસીસ રજુ રાખેલ હોય અને જે ઘ્યાને લેતા વાદીઓ પ્રતિવાદીપક્ષેના મેળપીપણામાં દાવો લાવેલ હોય તેવુ પ્રથમદર્શનીય જણાઈ આવેલ છે.

(૧૧) વધુમાં આ કામે દાવાવાળી જમીન અંગેના ગામ નમુના નં–૭ અને ૧૨ કે જે આ કામે નિ.૪/૨ થી રજુ છે તે ઘ્યાને લેવામાં આવે તો દાવાવાળી સર્વે નં–૮૦ વાળી જમીન ના સત્તાપ્રકારમાં ૭૩એએ. તેમ દર્શાવેલ છે અને આમ દાવાવાળી જમીનનો સત્તા પ્રકાર ૭૩એએ હોય ત્યારે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩એએ ઘ્યાને લેવામાં આવે તો તેમા અધિનિયમ હેઠળ સમગ્ર રાજયમાં કોઈ પણ સ્થળે આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેકટરશ્રીની પુર્વમંજુરી સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મુકવામાં આવેલ છે.

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓના વારસાઈ હક/હીસ્સો ના કલેઈમ અંગે થયેલ ડીલે વિ. ધ્યાને લેતા તેમજ વાદીઓએ તેઓના હકકમીની રેવન્યુ રેકર્ડની નોંધ નં–૨૦૩૯ કે જે ૨૦૦૩ ની સાલમાં પાડવામાં આવેલ છે તે નોંધને રેવન્યુ રાહે આજદિન સુધી ચેલેન્જ ન કરી રેવન્યુ રાહે મળતી રેમેડી એકઝોસ કરેલ ન હોય તેમજ વાદી વાદગ્રસ્ત જમીનના પ્રત્યક્ષ કબજેદાર હોય તેવુ હાલના તબકકે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી ફલિત થતુ ન હોય તેમજ વાદીઓએ મહત્વની હકીકતો દાવામાં ન જણાવી, વાદી ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવેલ ન હોવાનુ અને પ્રતિવાદીપક્ષેના મેળાપીપણામાં દાવો લાવેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતુ હોય જે તમામ હકીકતો ધ્યાને લેતા વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ ન હોય, વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ નથી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે, તેવું અને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન તેઓને જાય તેમ છે, તેવું વાદી દર્શાવી શકેલ ન હોય, મુદ્દા નં. ૧, ૨ અને ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે, અને મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

વાદીઓની આંક–૫ ની મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ : ૨૬ મી માંહે : જુલાઈ, સને : ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૨૬/૦૭/૨૦૨૪ **(ધવલકુમાર ચંદ્રકાન્ત ગોહીલ)**

સ્થળ :– થરાદ. પ્રિન્સી. સીની.સિવિલ જજ, થરાદ

U.I.C. No.GJ01240